## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*પારિવારિક કિલ્લાની કેદમાં છે લોકશાહી!*
*વિભક્ત વર્ણ ને વર્ગ, ભેદમાં છે લોકશાહી*
*છેડ ઉડચો છે લોકશાહીનો સંસદમાં પણ -*
*વાંચે છે વટહુકમો, ખેદમાં છે લોકશાહી...*

હાઈકુ

*ચૂંટણી માને,*
*અંગત ચૂંથણી ને*
*કાદવ હોળી...*
*(ચૂંટણી સભાઓ)*

*નથી વિદ્વતા,*
*વિસરાયું વ્યક્તિત્વ -*
*છે ગુનાઈતો*
*(ચૂંટણી પ્રચાર)*

### ચિંતન

*હિંસા બલમસાધૂનાં રાજ્ઞાં દણ્ડવિધિર્બલમ્ ।*
*શુશ્રુષા તુ બલ સ્ત્રીણાં ક્ષમા ગુણવત્તાં બલમ્ ॥*

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

દુર્જનોનું બળ હિંસા છે, રાજાઓનું બળ દંડ છે, સ્ત્રીઓનું બળ સેવા-ચાકરી (શુશ્રુષા) છે અને ગુણીજનોનું બળ ક્ષમા છે.

દુર્જનો, નિર્બળ લોકો પર હિંસક બની પોતાનું વર્ચસ્વ જમાવે છે, હિંસાથી એ મહાન બની જુલ્મ વડે રાજ કરે છે.

રાજાઓ પણ ન્યાય-અન્યાય જોયા વિના દંડ અને સજાઓ દ્વારા પોતાની થાક અને આણ ફેલાવે છે.

સ્ત્રીઓ સેવાભાવી-સારવાર કરવાના નમ્ર સ્વભાવ વડે પોતાનો પ્રભાવ જમાવે છે.

ગુણવાન લોકો કોઈને પણ 'ક્ષમા' આપી ઉદાર વલણ દ્વારા પોતાની ઉત્તમતા સિદ્ધ કરે છે.

### સુવિચાર

- દૂધ કા સાર હે, 'મસાઈ' મેં, ઔર... જિંદગી કા સાર હે 'ભલાઈ'મેં... - **ફુલછાબ**
- લોકો આપણને અતિ ઉમળકા સાથે આવકારે ત્યારે આપણી જવાબદારીનું વજન પણ વધી જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે વિચારપૂર્વક જીવે છે તે માણસ છે, જે માત્ર જીવ્યે જ રાખે છે તે ઉત્ક્રાંતિનું અપમાન કરે છે - **ગુણવંત શાહ**
- લોહીની સગાઈ માણસને સંબંધની બારાખડી શીખવે છે - **સંબંધસૂત્ર**
- જે સમાજમાં પ્રેમનો પ્રભાવ હોય, કરુણાનો કાયદો હોય અને અહિંસાની આણ હોય તે સમાજ ભવ્ય ગણાય - **ધીરુ પરીખ**
- અભિમાન ડહાપણની આડખીલી છે - **નંદકિશોર શર્મા**
- આજનું ઔષધ : હાથ કે પગ પર થતી કણી ઉપર દેશી નળિયું ઘસવાથી કણી મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આપણી વૃત્તિ હોય છે સારું કે મારું, કોઈને કંઈ આપવું હોય કે દાન કરવું હોય ત્યારે 'આ કોઈને આપી દેવા જેવું છે' ની આ દુષિતવૃત્તિ દેખાઈ આવે છે.

બે વૃદ્ધા પાસપાસમાં ઝૂંપડીમાં રહેતી હતી. ઠંડીના દિવસો હતા. એક આશ્રમમાંથી એક સંત ગરમ કપડાં - ધાબળા ગરીબો અને અનાથ માટે એકઠા કરતા હતા.પહેલાં લોભી અને સ્વાર્થીવૃત્તિ વાળા ડોશીની ઝૂંપડીમાં જઈ સાધુ એ ગરીબો માટે કંઈ ગરમ કપડાં માંગ્યાં. એ માજીએ ઘસાયેલી સાદી શાલ સાધુને આપી દીધી.

પછી સાધુ બાજુમાં રહેતી ઉદાર વૃદ્ધા પાસે ગયા. એણે પોતે જ ઓઢેલ રૂની સારી રજાઈ આપી દીધી. મનમાં વિચાર્યું હવે મારે કેટલા વરસ જીવવાનું છે?

રાત્રે હવામાન પલટાયું પવન અને વીજ કડાકા શરુ થયા બંને ડોશી બહાર નીકળી ત્યાં ઝૂંપડીઓ પર વીજળી પડી. ઝૂંપડીઓ ખાખ થઈ ગઈ. વૃદ્ધાઓ નિરાધાર થઈ એ જ સાધુના આશ્રમમાં આવી. ઠંડીમાં ધ્રૂજતી હતી. સાધુ કહે માજી તમે લોકોએ જ આપેલું દાન પેલા ઓરડામાં પડ્યું છે. આજની રાત એમાં જ પસાર કરો!

એકને જર્જરિત શાલ મળી, બીજીને રજાઈ.

# રાજકીય સ્તર ઉતરતું જાય છે

તંત્રીસ્થાનેથી...

એક તરફ વારસાઈના રાજકારણને કટ્ટર વિરોધ અને બીજી તરફ વારસદાર હોવાનો ઉઘાડેછોગ દાવો. રાજકારણ તે આનું નામ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણી યેનકેન પ્રકારણે જીતી લેવા આતુર બની ગયા છે. ઉત્તરપ્રદેશના સ્થાનિક રાજકારણમાં એમને બહારના માણસ ચીતરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ભાજપ પાસે પ્રજાને બતાવવા લાયક કોઈ ચહેરો જ નથી એટલે એને તો મોદીના નામે જ તરવાનું છે. મોદીએ પણ પાર્ટીની આ અપેક્ષાઓ સ્વીકારી લીધી છે. ચૂંટણી ઉત્તરપ્રદેશમાં હોય કે મણિપુરમાં - પાર્ટીને છૂપો આદેશ છે : આપણા વડાપ્રધાનની ઈમેજ, એમની કામગીરી અને એમની વાણીના જોરે જ ટકવાનું છે. વચ્ચે કોઈએ પોતે દોઢડાહ્યા થઈ જવાની જરૂર નથી. આ શ્રદ્ધા કે અંધશ્રદ્ધા સામે પ્રાદેશિક સ્તરેથી કોઈ પડકાર પાર્ટી લેવલે તો ન આવે તે સમજી શકાય, પરંતુ પ્રતિસ્પર્ધીઓ તરફથી તો મોડોવહેલો આવે જ. ઉત્તરપ્રદેશમાં ૨૦૧૪થી લોકસભાની ચૂંટણી વખતે મોદીના નામે વોટોની વર્ષા થઈ હતી તે કાળક્રમે ઓસરતી ગઈ છે. એથી સ્તો પાર્ટીને ફરી પાછું હિંદુત્વનું જૂનું-પુરાણું ગાણું ગાવાની ફરજ પડી છે. વળી અખિલેશ જેવો છે તેવો ઉત્તરપ્રદેશનો દીકરો છે; માયાવતી કે રાહુલ કે પ્રિયંકા પણ ઉત્તરપ્રદેશની ધરતીનાં જાયાં હોવાનો દાવો જરૂર કરી શકે. એમની સામે ભાજપ પાસે મહોરું કોનું છે? સ્થાનિક ભાજપ નેતાઓમાં મુરલી મનોહર જોશી અને કલરાજ મિશ્ર જેવા વરિષ્ઠ નેતાઓ છે, પરંતુ એ તો હવે ઘરડા થઈ ગયા છે. કેશવ મૌર્ય જેવા નેતાને પ્રદેશ પ્રમુખ બનાવી દેવાય પણ એમને મુખ્યમંત્રી પદના દાવેદાર તરીકે શી રીતે રજૂ કરવા? એ દલિત સમાજમાંથી આવતા હોઈ સવર્ણ હિંદુ સમાજમાં એમની મર્યાદિત સ્વીકૃતિ જ હોવાની. એ જ રીતે આદિત્યનાથ ગોરખપીઠના ધર્માધ્યક્ષ ખરા પરંતુ કટ્ટર હિંદુત્વવાદી હોઈ દલિત સમાજ અને લઘુમતી સમાજમાં એમનો મર્યાદિત સ્વીકાર હોય તે સમજી શકાય એમ છે. આ સંજોગોમાં આખા ઉત્તરપ્રદેશના 'ઉદ્ધારક' તરીકે નરેન્દ્ર મોદીને જ આગળ ધરવા સિવાય બીજો વિકલ્પ જ કયાં બચે છે? મોદીએ જંગ જીતવા કેસરિયાં કર્યાં છે. પોતાને ઉત્તરપ્રદેશે દત્તક લીધા હોવાની લાગણીસભર રજૂઆત કરી ધરતીપુત્ર અખિલેશ સામે પોતાનો ચહેરો મૂકવા સુધી નીચે ઊતરવું પડ્યું છે તે સૂચવે છે કે ભાજપ માટે આ ચૂંટણી જંગમાં સીધાં ચઢાણ છે. જેવો હોય તેવો - દીકરો આખરે તો દીકરો જ રહેવાનો. દત્તક તો ત્યારે લેવો પડે જયારે દીકરો હોય જ નહીં! મોદીને એ મુદ્દે ઉત્તરપ્રદેશમાં મીઠો આવકાર મળ્યો હતો એ તો રાષ્ટ્રીય નેતૃત્વ માટે. સ્થાનિક લેવલે ઉત્તરપ્રદેશમાં લખનૌમાં બેસીને મોદી ઉત્તરપ્રદેશની માટીનું ઋણ થોડા ઉતારવાના છે? આ અને આવા બીજા સવાલો સાથે મોદી પોતે કેવી કારમી ગરીબીમાંથી ઉત્તરપ્રદેશની પ્રજાની દયાથી વડાપ્રધાનપદ સુધી પહોંચી શકયા એનું વર્ણન કરે છે અને સત્તા આવતાંની સાથે ખેડૂતોનાં દેવા માફ કરવાનું વચન આપે છે. રાહુલ ગાંધીનો પ્રશ્ન દાદ માગી લે છે : દેવાં માફ જ કરવાં હોય તો મોદીજી પાસે તો આખા દેશનું રાજ છે. એ માટે ઉત્તર પ્રદેશમાં ભાજપની સત્તા આવે તે જરુરી ખરું? વળી બાઈબલમાં પેલા વંઠેલા દીકરાની વાત પણ આપણને યાદ આવે - અખિલેશ જેવો હશે તેવો - કદાચ 'પ્રોડિગલ સન' હોય તો પણ માબાપ તો દોડીને એને જ ગળે વળગાડવાનું પસંદ કરશે!

# પ્રચલિત ડરામણો સાપ – એનાકોન્ડા



વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

વિશ્વના સહુથી જાણીતાં અને ડરામણા સાપ તરીકે જો કોઈ સાપનું પ્રથમ નામ લેવાનું હોય તો 'એનાકોન્ડા' નું લઈ શકાય. દક્ષિણ અમેરિકાના કટિબંધીય (ટ્રોપિકલ) ભાગમાં જ જોવા મળતાં આ સાપ વિશેની ઘણીબધી જાણકારી અધુરી, અધકચરી અને કહેલી - સાંભળેલી વાતો છે.

બિન ઝેરી એવા આ સાપને લોકો 'માનવ ભક્ષક' માને છે. તેની પાછળનું મુખ્ય કારણ આ સાપને કેન્દ્રમાં રાખીને બનેલી તેના જ નામની ફિલ્મ 'એનાકોન્ડા' માં દર્શાવેલી અતિશયોક્તિ અને અવૈજ્ઞાનિક પૂર્ણ હકીકતો/વાર્તા કારણરૂપ છે. આ સાપ માછલીઓ, કાચબા, મગર, ડુક્કર, હરણ, જગુઆર અને અન્ય કૃંતકોનો શિકાર કરે છે. માનવોનો શિકાર કર્યાનું તો કોઈ આધારભૂત કિસ્સો ધ્યાને/નોંધાયેલ નથી. એક વૈજ્ઞાનિક દ્વારા રક્ષણાત્મક કવચ પહેરીને 'એના કોન્ડા' માનવને ગળે છે કે કેમ? તેવા પ્રયોગ દરમિયાન પણ 'એનાકોન્ડા' એ માનવને કશું જ કર્યું ન હતું.



એનાકોન્ડા વિશ્વનો સહુથી વધુ વજન ધરાતો સાપ છે. નેશનલ જીયોગ્રાફીના એક રેકર્ડ પ્રમાણે આ સાપનું વજન ૨૫૦ કિલો નોંધાયું છે. પરંતુ તેમાં અતિશયોક્તિ જણાય છે. ધ લાઈવ્સ ઑફ એમ્ફીબીયન્સ એન્ડ રેપ્ટાઈલ્સ્ ઈન એમેઝોનીયન રેઈન ફોરેસ્ટ (૨૦૦૫)ના એક અહેવાલ મુજબ એનાકોન્ડાનું વજન ૪૫ થી ૬૮ કિલો કહેવાયું છે.

વિશ્વ કક્ષાએ વધુમાં વધુ લંબાઈ ધરાવતાં સાપમાં 'એનાકોન્ડા' સાપનો નંબર રેટીક્યુલેટ પાયથન (જાળીદાર અજગર) બાદ બીજાક્રમે પણ મતમતાંતરો છે. કેટલાંક તેની લંબાઈ ૨૯ થી ૩૦ મીટર (૯ મીટર) અને ૨૦ ફૂટ (૬ મીટર) જેટલી કહે છે. વધુ આધારભૂત જણાય તેવો આંકડો ૪.૬ મીટર માદા અને ૩ મીટર નર એનાકોન્ડા છે. માદા એનાકોન્ડા નર કરતાં વધુ વજન અને લંબાઈ ધરાવે છે. કયારેક માદા એનાકોન્ડા નર ને ખાઈ જતી હોવાનું જોવા મળ્યું છે.

'એના કોન્ડા' ને વોટર બોઆ (Water boa) પણ કહે છે. કારણ કે તે બોએડી (Boidae) કુળનો સાપ છે. તેની જીનસ ઈયુનેક્ટસ્ (Eunectes) છે. તમિલ શબ્દ Anai Kondra (અનાઈ - કોન્ડ્રા) એટલે કે હાથીમારક (એલીફન્ટ કીલર) શબ્દ પરથી એનાકોન્ડા શબ્દ આવ્યાનું મનાય છે. જયારે તેની જાતી 'ઈયુનેક્ટ્સ્' શબ્દ ગ્રીક છે તેનો અર્થ 'સારા તરવૈયા' (Swimmer) થાય છે.

આ સાપ 'સેમી એક્વેટીક' એટલે કે 'અર્ધ જલીય' વાસ સ્થાનોમાં રહે છે. પાણીવાળા ભાગો, છીંછરા ભાગો, કાદવીયા જલીયભાગો, ઘાસીયા ભાગો તેના પસંદગીના સ્થળો છે. અગાઉ જણાવ્યું તેમ આ સાપ સારા તરવૈયા છે.

તેના માથાના ઉપરના ભાગે આંખો તથા નસકોરા આવેલા હોઈ તે આખું શરીર પાણીમાં ન દેખાય તેમ રાખીને ફક્ત માથું બહાર રાખીને તરી શકે છે. પાણીની અંદર તે ૧૦ મિનિટ જેટલો સમય રહી શકે છે.

રંગો અને જનીનિક તફાવતના આધારે 'એનાકોન્ડા' ની ચાર જાતિઓ જોવા મળે છે જેમાં ગ્રીન (લીલો), યેલો (પીલો), ડાર્કલી સ્પોટેડ (ઘાટા ડાઘાવાળો) અને બેની કે બોલીવીયન એમ ચારનો સમાવેશ થાય છે. ગ્રીન એનાકોન્ડા વધુ પ્રચલિત છે.

સંવનની ઋતુમાં ૨ થી ૧૨ નર એનાકોન્ડા માદા સાપને વીંટળાઈ વળે છે. માદા પસંદગીના એકથી વધુ નર સાથે સંવનન કરે છે. સાત મહિનાના ગર્ભકાળ બાદ બોઆ કુટુંબની ખાસિયત મુજબ ૨૦ થી ૪૦ જેટલા બચ્ચાને જન્મ આપે છે. બચ્ચાં અન્ય સાપનાં હોય તેમ માતા વગર જન્મતાની સાથે જ હરતાં-ફરતાં થઈ જાય છે. કુદરતી વિસ્તારોમાં તે ૧૦ વર્ષ જેટલું જીવે છે. જયારે પાલતું અવસ્થામાં તે ૩૦ વર્ષ જેટલું આયુષ્ય ધરાવે છે. આ સાપ ૩ થી ૪ વર્ષે પુખ્તતા ધારણ કરે છે. શિકારને વીંટળાઈને કે પાણીમાં ડુબાડીને ગુંગળાવીને મારે છે અને ગળી જાય છે.

હાલમાં 'એનાકોન્ડા'ના અસ્તિત્વ સામે કોઈ મોટો ખતરો નથી. પરંતુ તેના વાસસ્થાનો ચિંતાજનક રીતે ઘટી રહ્યા છે.

# હું અને મારું નિયતિયુદ્ધ



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આવનારા સમયમાં મારી નિયતિ મને એક વિવાદાસ્પદ નિર્ણય લેવડાવી રહી છે. હું જાણું છું મારો એ નિર્ણય મોટાભાગના મિત્રો, સગા-સ્નેહીઓ, ચાહકો, ભાવકો, વાચકો... સૌ કોઈને નહીં ગમે. શક્ય છે કે નિર્ણય જાણ્યા પછી ઘણા નજીકના મિત્રો, સ્નેહીઓ મને સમજાવશે પણ ખરા. પરંતુ સૌ કોઈ પોતપોતાના હૃદય પર હાથ મૂકીને સ્વયંને પુછજો કે મારા કપરાકાળમાં મારી સાથે મારી પીડાને તમે પીધી છે ખરી?

હાલ મારી નિયતી મારી સાથે ખૂબ મોટું યુદ્ધ ખેલી રહી છે અત્યાર સુધી તો હું નિયતિ સામે વિજયી બનતો રહ્યો છું. મે મારી નિયતિને સંપૂર્ણ હાર આપવાના ખૂબ જ સતત પ્રયત્ન કર્યા છે અને એ પ્રયત્નોની સત્યતાને કારણે નિયતિ મને હરાવી શકી નથી. જો કે નિયતિનું આ યુદ્ધ મને જીતાડવા માટેનું પણ હોય. નિયતિ મને ખુબ મોટી જીત આપવા ઈચ્છતી હોય અને હું માનવસહજ ભાવોમાં, સંબંધોમાં બંધાઈને નિયતિ સામે જ ખોટી રીતે બાયો ચડાવી લડતો હોય. એમ પણ બને. પણ મારું યુદ્ધ પ્રેમ, સમજ, વિશ્વાસ અને પ્રતિષ્ઠા સાચવવા માટેનું છે. મારે મારી બનાવેલી દુનિયામાં રહેવું છે. પણ નિયતિ મને એણે વિચારેલી નવી દુનિયામાં લઈ જવા ઈચ્છે છે અને એ દુનિયા પણ કેવી? કોઈ દિવસ કલ્પના પણ ના કરી હોય એવી. એ નવી દુનિયાના ઝાકઝમાળવાળા અનેક રંગીન દશ્યો નિયતિ મને સતત બતાવતી રહી છે પણ મારી કરુણતા એ છે કે દેખાયા કરે છે અને ખુલ્લુ આંખે મારી સામે આવનારી નવી દુનિયાના દશ્યો... એક તરફ માત્ર અને માત્ર લાગણી, પ્રેમ, સમજણ અને પ્રતિષ્ઠા છે. જયારે બીજી તરફ તમામ પ્રકારની ભૌતિક સુખ સુવિધા છે અને સાથે છૂપી પીડા પણ છે. તલસાટ છે. એક તરફ જીવનની સમજણ, પ્રેમ, ત્યાગ અને સમર્પણ છે તો બીજી તરફ જીવનને સમજવાની સાવ જુદી દષ્ટિ છે. સુખની વ્યાખ્યા દૈહિક છે. એક તરફ સંબંધોનું મૂલ્ય સાત જન્મો સુધીનું શાશ્વત છે. બીજી તરફ સંબંધોનું મૂલ્ય ક્ષણિક છે.



હાલ નિયતિ મને આવી બે સ્થિતિની વચ્ચે રમાડે છે. હું મારી બનાવેલી દુનિયા તરફ ખેંચાવું છું. નિયતિ મને એની બનાવેલી દુનિયા તરફ ખેંચે છે. પણ મારી કરુણતા એ છે કે મારી જ બનાવેલી દુનિયામાં પણ નિયતિ પોતાના નેગેટિવ વાયરસ પ્રસરાવી ચૂકી છે. તેથી મારા એકલાની સકારાત્મકતા અત્યારે તો પાછી જ પડે છે. નિયતિ સાથેના આ યુદ્ધમાં મારા પક્ષે માત્ર હું ને મારી સકારાત્મકતા છીએ. આમ જોઈએ તો મારા અનેક સહૃદયી મિત્રો, સ્નેહીઓ, ચાહકો છે. પણ સૌ યુદ્ધના મેદાનના કિનારે ઊભા ઊભા મારા એકલાની લડાઈ જોઈને મારી વાહ - વાહ કરે છે. પણ કોઈ યુદ્ધભૂમિમાં ઝંપલાવી મારી પડખે આવતું નથી. એકાદ બે મિત્રો યુદ્ધભૂમિમાં કુદેલા ખરા પણ સામેથી નકારાત્મકતા પ્રભાવમાં આવી પાછા કિનારે જતા રહેતા. ત્યારે જીવનનું એક પરમ સત્ય એ પણ સમજાયું કે, 'સુખમાં સૌ સાથે હોય છે.દુ:ખ તો આપણે એકલાએ જ સહન કરવાનું હોય છે.' નકારાત્મકતા સામે કોઈ લડી શકતું નથી.

મને લાગે છે કે આવનારો સમય સંક્રાતિકાળનો છે. કેમ કે હું મારી ૫૧ વર્ષની વૈચારિક ધારા, સંસ્કારની અને સંવેદનાની ધારા બદલી રહ્યો છું. નિયતિ મને ના બદલી શકતા મારી વિચારધારાને બદલી રહી છે અને એ માટે એણે મારી સામે એવા દશ્યો અને પરિસ્થિતિ ઊભા કર્યા છે કે મારે સૌ કોઈને ના ગમે એવા નિર્ણય લેવો જ પડશે. ખરેખર મારી નિયતિ ખૂબ જ હોંશિયરા છે. એણે આવા મહાસંઘર્ષ માટે મારા જેવા ને જ પસંદ કર્યો. બાકી કોઈની તાકાત નથી કે આટલા વર્ષો સુધી નિયતિ સામે યુદ્ધ ખેલી શકે. અને આ યુદ્ધ પણ કેવું અદ્ભૂત! બેય પક્ષે મારી હાર અને બેય પક્ષે મારી જીત. બંને પક્ષના પરિણામની મને ખબર છે. આવનારા સમયમાં મારા દ્વારા લેવાયેલા નિર્ણયથી ૧૦/૧૨ રિક્ટર સ્કેલનો જે ભૂકંપ આવવાનો છે તેની મને જાણ છે. શક્ય છે કે મારા જીવનનું આ અંતિમ ચરણ હોય. આ અંતિમ ચરણ કેટલો સમય ચાલશે એ હું જાણતો નથી. એ જાણકારી નિયતિએ એની પાસે જ રાખી છે પણ હું એને બેથી પાંચ વર્ષનો સમયગાળો સમજું છું આ નવી સૃષ્ટિ રસવાનો સમય ૨ થી ૫ વર્ષ રહેશે. પછી સર્વથા શાંતિ અને સમૃદ્ધિ હશે અથવા સંપૂર્ણ માતમ્. શૂન્યાવકાશ... જો કે નિયતિ મને ખૂબ ચાહે છે. વળી સત્ય મને પ્રિય છે. અત્યાર સુધી મેં કદી કોઈનું ખરાબ કે અહિત વિચાર્યું નતી. હંમેશા બીજાનું ભલું કર્યું છે તો નિયતિ મારું ભલું જ કરશે એવી શ્રદ્ધા છે. હું મારી ભૂલ હોય તો ભૂલ સ્વીકારી માફી માગવાનું માનું છું તો નિયતિ મને બીજી ભૂલ (?) કરાવી વધુ સફળ બનાવવા ઈચ્છે છે. હું મારી બનાવેલી દુનિયામાં પાછો જવા ઈચ્છું છું પણ નિયતિ જાણ છે કે મારી બનાવેલી દુનિયા એ મારી રહી નથી તેથી એ હવે મને મારી માની જેમ નવી દુનિયા તરફ લઈ જઈ રહી છે. નિયતિના આ ખેલમાં એમે એવા એવા પાસા ગોઠવ્યા છે કે એને હટાવવા કે હરાવવા અશક્ય છે અને હવે અમસ્તોય મેં વનપ્રવેશ કરી લીધો છે. ૬૦ ઓવરની મેચમાં છેલ્લી આઠ-દસ ઓવર જ રમવાનું બાકી છે. જો હવે ધીમે રહ્યો તો હાર નિશ્ચિત છે. તો પછી છેલ્લી ઓવરોમાં ધૂંઆધાર બેટીંગ શા માટે ન કરવી? ૫૦ ઑવર તો આરામથી રમી લીધી આટલો લાંબો અનુભવ પણ છે તો પચી હવે મેચ જીતવા જોખમ તો ખેડવું જ પડશે ને ? જોખમ કે સાહસ વિનાની મેચ હોય કે જિંદગી બધું જ નકામું છે. મેચ રમવાનો કે જીવન જીવવાનો અધિકાર એને જ છે જે જોખમ ખેડી શકે. ગમે તેવી પરિસ્થિતિ સામે લડી શકે.

મારી નિયતિ હવે મારો સ્વભાવ ઓળખી ગઈ છે તેથી એ મને મારા સ્વભાવ મુજબ રમાડે છે અને મારા જીવનમાં રંગો ભરી રહી છે. નિયતિ એવું ચિત્ર બનાવવા માગે છે કે એમાં હું અને રંગો વચ્ચે સાચો છું કે ચિતરાયેલો છું એ કળવું ખુબ મુશ્કેલ બનશે શક્ય છે કે પછી હું 'હું' નહીં હોય મારું રંગીન ચિત્ર જ હશે. હું મારી લાગણી, સંવેદનાઓ, વિચારો, સપનો, ઈચ્છાઓ. આ બધું મારા અસ્તિત્વ ઉપર અને આસપાસ તથા આરપાર વિવિધ રંગોથી એવી રીતે ચિતરાઈ જશે કે હું - હું રહીશ કે એક સરસ ચિત્ર બની જઈશ એ તો આવનારો સમય જ કહેશે પણ એટલું ચોક્કસ કહીશ કે 'હું' હોઈશ કે મારું 'ચિત્ર' હશે કે મારો 'ફોટો' હશે નિયતિ દ્વારા નિર્મિત એ આવનારી અનેક પેઢીઓને પ્રેરણા ચોક્કસ અપાશે. એ વાત નિશ્ચિત છે. અસ્તુ.

- 9426060601.india@gmail.com

# બ્યુટી – આંતરીક કે બાહ્ય ? ચોઈસ ઈઝ યોર્સ.... !!!



રઝળપાટ
અજય ઉપાધ્યાય

એકવાર સોક્રેટીસ પોતાના રૂમમાં અરીસાની સામે ઉભા રહીને પોતાના ચહેરાને જોઈ રહ્યા હતા ત્યારે એક શિષ્ય ઓરડામાં દાખલ થયો અને ગુરુજીને આમ અરીસામાં જોતા જોઈને હસવા લાગ્યો. સોક્રેટીસે પૂછ્યું કે 'દોસ્ત, હું કદરૂપો હોવા છતાં અરીસામાં જોવ છું એનું તને હસવું આવે છે ને ? પણ દોસ્ત, હું રોજજે આમ જ અરીસામાં મારો ચહેરો જોવ છું.'' શિષ્ય કહે 'સુંદર ચહેરો હોય તો રોજ અરીસામાં જોવાય, પણ કદરૂપો ચહેરો ?' સોક્રેટીસે સમજાવ્યું કે 'જો, આને લીધે મને સતત યાદ રહે છે કે મરે એવા સારા કામો કરવા છે કે જેને લીધે લોકો મારો આ કદરૂપો ચહેરો ભૂલીને મારા કામો યાદ રાખે ' સોક્રેટિસની વાત સાંભળીને શિષ્ય તો અહોભાવિત થઈ જ ગયો પણ ગુરુજીએ સાથે સાથે એક મહત્વનો અને આંખ ઉઘાડનારો મંત્ર પણ આપ્યો....' બહારી સુંદરતા કરતા આંતરિક સુંદરતા વધુ મહત્વની છે અને એનાથી પણ મહત્વનું છે તમે કરતા હોવ એ કાર્યો, મેળવેલી સિધ્ધિઓ, એચીવમેન્ટસ...! કદરૂપા અને રૂપાળા વચ્ચે એક આખું વિશ્વ ઝોલા ખાઈ રહ્યું છે. માણસે-માણસે અને ચહેરે ચહેરે કદરૂપા અને રૂપાળા ની વ્યાખ્યા અલગ અલગ નીકળે છે પણ હા, એક સત્યથી કોઈ ઈનકાર નહિ કરી શકે કે જો કાર્યો ઉત્તમ હોય, સિધ્ધિઓ અપાર હોય અને સફળતાના શિખર પર બિરાજમાન હોવ તો સુદરતા-બુન્દરતા જાય ઓઈલ લેવા.....!

'સુંદરતા પામતા પહેલા સુંદર બનવું પડે 'આ જેણે પણ લખ્યું હશે એના દિમાગમાં હશે તો બહારી સુંદરતા જ...! ટીપટોપ અને ચકાચક દેખાતો નર કે નારી એ જ સુંદરતાની વ્યાખ્યા...એ જ સુંદરતાનું પ્રતિક...એ જ સુંદરતાનું પર્યાય...! પણ સાલું વિચાર આવે કે સુંદરતા યાની કી બ્યુટીફૂલ લાગવું એટલે શું ? ચાલો સમજાય ગયું કે મેકઅપના થથેડા કે પછી બોર્ન બ્યુટીફૂલ હોવું કે દેખાવું એ સુંદરતાનો એક સમાનાર્થી આયામ ગણી શકાય પણ પછી જે આ ઈક્વેશ્નમાં ફીટ ના બેસતા હોય એનું શું ? જો કે હકીકત છે કે સુંદર દેખાવું બધાને ગમે જ. જમાનો જાતને પરફેકટલી પ્રેઝન્ટ કરવાનો છે અને પરફેક્ટ પ્રેઝન્ટેશન એ પણ સુંદર દેખાવાનો એક બીજો ઉપાય પણ છે જ... ઓફીસ, પાર્ટી કે સર્કલમાં બીજાનું ધ્યાન ખેચવાનો ઈઝી રસ્તો છે સુંદર દેખાવ. મનની સુંદરતા કે વાણીની સુંદરતા એ બધી પછીની વાતો છે. ઘણા સુંદર લોકો મો ના ખોલે ત્યાં સુધી જ સારા હોય છે એવું પણ બનતું હોય છે પણ એ તો મો ખોલ્યા પછીની વાત થઈ પણ એ પહેલા તો ખાલી સુંદરતા જ એનું ઘણું બધું કામ કરી નાખતી હોય છે.સારા કપડા, સારો મેકઅપ કે પછી સારી ફીઝીકથી ઘણા સુંદર દેખાતા જ હોય છે અને જે નથી દેખાતા એ દેખાવાનો પ્રયત્ન કરતા હોય છે, અને એમાં શું ખોટું પણ છે ? સુંદર દેખાવું મને ને તમને બધાને ગમતું જ હોય, ઈનફેક્ટ ગમતું જ હોવાનું...! જો તમે સુંદર દેખાઈ શકો છો તો સમજો કે તમે અમુક અંશે સફળ થઈ શકો છો. સુંદર દેખાવું જરૂરીયાત છે, સમયનો તકાજો છે, ડીમાંડ છે અને સૌથી વધુ તો એ દરેકનો હક્ક છે.

આજની ભાગદોડવાળી જીંદગીમાં સુંદર દેખાવું - વ્યવસ્થિત લાગવું કે સુઘડ રીતે પેશ આવવું એ પાર્ટ ઓફ લાઈફ છે.ટોળામાં, ઓફિસમાં કે કોઈ પ્રસંગમાં સુંદર દેખાતી વ્યક્તિ તરત બીજાનું ધ્યાન ખેચી લેશે. ઈનફેક્ટ સુંદર ચહેરાઓ સાથે જાતને વધુ ઝડપથી કનેક્ટ કરી શકાય છે. સુંદર જન્મવું એ અલગ વસ્તુ છે, એ હાથ બહારની ચીઝ છે પણ સુંદર દેખાવું એ અમુક અંશે એચીવેબલ કામ છે. કહેવાય છે ને કે માણસ સુંદર જન્મી નાં શકે તો કઈ નહિ પણ સુંદર દેખાય તો શકે જ છે. જો કે આ સુંદર દેખાવાની કથા ચહેરે ચહેરે અલગ અલગ હોય છે જો કે 'સુંદર દેખાવા માટે સુંદર હોવું જરૂરી નથી પણ સુંદર ફિલ કરવું જરૂરી છે 'આવા વાક્યો વાચવામાં સારા લાગે, ભાવુક બની જવાય કે કોઈને ઉપદેશ આપવા વાપરી શકાય પણ આ સુંદર ફિલ કરવું એટલે શું ? એના માટે પણ તમારે સુંદર તો બનવું પડે કે નહિ? સુંદર દેખાવું અને સુંદર બનવું બંને અલગ અલગ વાત છે. સુંદર બનવાનું પહેલું પગથીયું છે સુંદર દેખાવું.

સુંદરતા એ વ્યકિતની સ્વાભાવિક તરસ છે. જેના માટે દરેક વ્યક્તિ પોતે પણ સુંદર દેખાવા માંગે છે એ સાથે બીજામાં પણ તે સુંદરતાને શોધે છે.વ્યક્તિત્વનાં બે સ્તર હોય છે- એક છે આંતરિક અને બીજું છે બાહ્ય. બાહ્ય વ્યક્તિત્વ જે આંખોથી દેખાય છે. કહેવાય છે ને કે 'ફર્સ્ટ ઈમ્પ્રેશન ઈઝ ધ લાસ્ટ ઈમ્પ્રેશન'. જે બાહ્ય વ્યક્તિત્વને કારણે જ બંધાય છે. અંદરની સુંદરતા અને એની અસર ચોક્કસપણે સર્વવ્યાપી અને લાંબી અસર કરનાર હોય છે એમાં કોઈ વાદવિવાદ નથી પણ સાથે સાથે આજના જમાના મુજબ દેખાવી સુંદરતા કે બાહ્ય બ્યુટી હોવું એટલું જ જરૂરી છે. કારણ કે સૌથી પ્રથમ તો એની જ નોંધ લેવાય છે, એના આધારે જ કોઈ એક સંવાદ કે સંબંધની શરૂઆત થતી હોય છે. અને આ સુંદર દેખાવાના સૌથી વધુ પગથીયાઓ સ્ત્રીઓ વધુ ઝડપથી પાર પાડી લેતી હોય છે – પુરુષોની સરખામણીમાં...! સો એ સો ટકા સત્ય વાત છે કે સુંદર દેખાવું એ સ્ત્રીઓની પ્રાયોરીટી લીસ્ટમાં હમેશા ટોપ પર હોય છે અને આમ જોવા જાવ તો જીનેટીકલી એ એકદમ વ્યાજબી પણ છે જ. સુંદર લાગવું એ સ્ત્રીઓનો જન્મસિદ્ધ અધિકાર છે – બોર્ન રાઈટ યુ નો...! જો કે હવે તો પુરુષો પણ સુંદર દેખાવાની દોડમાં પાછળ નથી જ. સુંદર બનાવી આપતો અને સુદર દેખાવમાં મદદ કરતો એક આખો ઉદ્યોગ જગતભરમાં ચાલે છે અને પુરજોશમાં ચાલે છે એની વાત તો પછી ક્યારેક પણ સુંદરતા પામતા પહેલા સુંદર બનવું પડે એનો ગુઢાર્થ આપણે સૌએ બખૂબી અપનાવી લીધો છે.

હવે આમાં શરૂઆતમાં લખ્યું એ સોક્રેટીસનું શિખામણ વાક્ય મેગ્નીફાઈંગ ગ્લાસ લઈને શોધવા નીકળવું પડે એમ છે, ઈવન ધો થોડી વાત આંતરિક સુંદરતા પર પણ હો જાયે..! સોક્રેટિસની વાતને જરા વિસ્તારીએ તો હકીકતે સ્વભાવ અને સંસ્કારોથી મળતી સુંદરતા વધુ ટકાઉ અને વધુ અસરકારક હોવાની. હા એ સાચું છે કે જેટલા સુંદર આપણે અંદરથી હોઈએ એટલા સુંદર બહારથી પણ હોઈએ તો સોને પે સુહાગા બની જાય અને શુ છે કે આજકાલ બાહ્ય સુંદરતા ક્યારેક ક્યારેક એક પ્રકારની મજબૂરી પણ છે. પણ સાથે સાથે એ યાદ રાખવું પડે કે બાહ્ય સુંદરતાથી તમે કોઈને ક્ષણિક ઈમ્પ્રેસ કરી શકો પણ જ્યાં સુધી આંતરિક સુંદરતા એચીવ કરી શકો નહિ કે પછી એક્સપ્રેસ કરી શકો નહિ ત્યાં સુધી બધું નક્કામું...! હા એવું પણ થાય કે ઘણા લોકોને મન બાહ્ય સુંદરતાનું વધુ મહત્વ હોય પણ સરવાળે તો અંદરની સુંદરતા જ અસર ઉપજાવવાની..!

અનુસંધાન પાના નં. ૭ પર